જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૪/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નારોલ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમે પ્રેમી દ્વારા હેરાન કરવામા આવતી મહિલાને કાયદાકીય પગલા લઇ ન્યાય અપાવ્યો

એક મહિલાનો ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર ફોન આવે છે અને તેનો પ્રેમી તેના પૈસા લઇ જતો રહેલ હોય પાછા ન આપતો હોય અને તેના પ્રેમીની પત્ની અને સાસુએ તેને માર મારેલ છે તેમ જણાવતા નારોલ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તુરંત મહિલા પાસે પહોચી જાય છે અને મહિલાનુ કાઉન્સેલીંગ કરી પુછપરછ કરતા મહિલા જણાવે છે કે મહિલાના પતિ મરણ જતા તે તેના બે બાળકો સાથે તેના માતાપિતા સાથે રહેતી હતી આ દરમ્યાન મહિલાને એક યુવક સાથે પ્રેમસબંધ બંધાતા તે તેના માતાપિતાની મરજી વિરૂધ્ધ તે યુવક સાથે રહેવા જતી રહેલ અને બાદમા મહિલાને ખબર પડેલ કે આ યુવક પરણિત છે પરંતુ તે તેની પત્ની તથા આ મહિલા બંન્નેને રાખશે તેવો આ યુવકે ભરોસો અપાવડાવેલ અને આ મહિલા પાસેથી તેને ધંધો શરૂ કરવા રૂપિયા લઇ ગયેલ. બાદમા મહિલાને ત્રણ મહિનાનો ગર્ભ રહિ જતા યુવક આ મહિલાને છોડીને તેની પત્ની સાથે જતો રહેલ. જેથી મહિલા આ યુવકના ઘરે તેના રૂપિયા પાછા લેવા જતા તેના પ્રેમીની પત્ની તથા તેની સાસુએ આ મહિલાને માર મારી તેના વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ. મહિલાની આ આપવીતી સાંભળીને ૧૮૧ અભયમની ટીમે કંસલ્ટ પોલીસ સ્ટેશન ખાતે મહિલાના પ્રેમીની પત્ની તથા તેની સાસુ વિરૂધ્ધમા ફરીયાદ અપાવડાવેલ અને મહિલાને ત્રણ મહિનાનો ગર્ભ રહિ ગયેલ હોય અન્ય કન્સલ્ટ પોલીસ સ્ટેશન ખાતે આ યુવક વિરૂધ્ધ મહિલાની ફરીયાદ અપાવડાવી રોજે-રોજ ફોલોપ લઈ સ્થાનીક પોલીસની મદદથી યુવકને શોધી તેના વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ. આમ નારોલ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમના માણસો પ્રેમીથી પીડીત મહિલાને સહકાર આપી તેને હેરાન કરતા તત્વો વિરૂધ્ધ કાયદાકીય પગલા લેવડાવી મહિલાને ન્યાય અપાવેલ છે.

**કામગીરી કરનાર ટીમ** -: નારોલ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૬૭૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૦ લીટર દેશી દારૂ, ૧૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૮૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બીયરટીન, ૦૧ લકઝરી બસ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૬૭૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:- સમાચાર યાદી નં.૬૭૯/૨૦૨૩

**એલીસબ્રીજ:** વિજયભાઇ માવજીભાઇ વોરા (ઉ.વ.૩૮)(રહે.ડો.આંબેડકર કોલોની ભુદરપુરા રોડ આંબાવાડી) એ તા.૨૪/૦૪/૨૦૨૩ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૩ થી તા.૦૩/૦૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)ટેલીગ્રામ એપ્લીકેશનના Stella Online તથા (૨) ટેલીગ્રામ એપ્લીકેશનના @Slo618 નામા વાળા યુઝરે વિજયભાઇને અલગ-અલગ ટાસ્ક આપી, “તે ટાસ્ક પુર્ણ કરે થી તેના બદલામાં સારો આર્થીક લાભ થશે” તેવો વિશ્વાસ આપી, BNC નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેમજ ટેલીગ્રામમાં વિજયભાઇને અલગ-અલગ લિંકો મોકલી, વિજયભાઇ પાસેથી કુલ રૂપિયા ૨,૨૨,૦૦૦/- ભરાવડાવી, તેમાંથી માત્ર ૧,૩૦૦/- રૂપિયા પરત આપી બાકી લેણા કુલ રૂપિયા ૨,૨૦,૭૦૦/- આજદીન સુધી પરત નહિ આપી વિજયભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.ચેતરીયા ચલાવે છે.

## આત્મહત્યા:- સમાચાર યાદી નં.૬૮૦/૨૦૨૩

**બોડકદેવ:** સુરેશકુમાર મગનલાલ પુરોહીત (ઉ.વ.૬૦)(રહે,શીવ ગણેશ બંગ્લોઝ, સિમ્સ બ્રીજની બાજુમા થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૩ સવારના ૦૯/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભાવનાબહેન વિરાભાઇ ચલાવે છે.

**બાપુનગર:** નિરજ રમણલાલ રાઠોડ (ઉ.વ.૪૨)(રહે.ગવર્મેન્ટ ઇ-કોલોની અંબર સિનેમા સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.રાવળ ચલાવે છે.

**ઓઢવઃ** મુકેશભાઇ જગદીશભાઇ સાલ્વી (ઉ.વ.૨૩)(રહે.હેલ્થ કેર ફાર્મા નામની દવાની દુકાનમા, સીંગરવા ગામ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન સીંગરવા ખાતે આવેલ મેડીકલ સ્ટૉર થી પોતાના મોટા પપ્પાના ઓઢવ ગીરીરાજ સોસાયટી ખાતે આવેલ ઘરે જતા રસ્તામાં કોઈ ઝેરી પ્રવાહી ખાઇ લેતા, સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૪/૨૦૨૩ ના કલાક ૦૦/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરીટસિંહ ગણપતસિંહ ચલાવે છે.

**રામોલઃ** ભરતકુમાર કનૈયાલાલ અગ્રવાલ (ઉ.વ.૨૯)(રહે.અક્ષરધામ હાઇટસ રીલાયન્સ પેટ્રોલ પંપ પાછળ યુનાઇટેડ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૩ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી